**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા..૨૧/૯/૨૦૧૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૯૦૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી અને ૩૩ વ્યક્તિઓને ઝડપી ૨૩૮ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૪૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૫/૧૫**

**ગુજરાત યુનિવર્સીટી** : મહેશભાઇ હિરાભાઇ પરમાર (રહે. પરીક્ષીતનગર, બહેરામપુરા, દાણીલીમડા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસે સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૯/૧૫ સવારનાં ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા આઇ.આઇ.એમ. રોડ, પાંજરાપોળ, સિગ્મા સી.જી.લીગેજી કોમ્પલેક્ષ ખાતેથી મહેશભાઇની ભાણેજ અનિતાબહેન (ઉ.વ.૧૫) ને આરોપી પીન્ટુ (જેના પુરા નામની ખબર નથી) (રહે.ઔડાના મકાનમાં, ગણેશનગર, વાસણા) લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એમ.રાજ્યગુરૂ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૬/૧૫**

**દાણીલીમડા** : આરીફ મહેમુદભાઇ ચોપડા (ઉ.વ.૧૮)(રહે.અલ રહેમાન ડુપ્લેક્ષ, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૯/૧૫ નાં કલાક ૯/૦૦ થી તા.૧૯/૭/૧૫ બપોરનાં ૩/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન આરીફ ચોપડાનાં મોબાઇલ ઉપર આરોપી (૧)લકી વર્મા (૨)અંકિત શર્મા નાઓએ ફોન કરી “તમને નોકરી મળી છે જેથી તમારે પૈસા ભરવા પડશે” તેમ કહી આરીફને વિશ્વાસમાં લઇ કુલ રૂપિયા ૫૦,૮૦૦/- મેળવી લઇ, બાદમાં કોઇ નોકરી નહીં અપાવી કે પૈસા પરત નહીં કરી આરીફ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૯૦૭/૧૫</u>

**રિવરફ્રન્ટ (વેસ્ટ) (૧) :** જગદીશભાઇ ગીરજાશંકર વ્યાસ (ઉ.વ.૪૫)(રહે.કડિયાનાકા દરીયાપુર) એ કોઇ કારણોસર તા.૨૦/૯/૧૫ ના કલાક ૮/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં ગાંધીબ્રીજ નીચે નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**(૨) :** અમિતભાઇ દિપકભાઇ સોની (ઉ.વ.૩૮)(રહે.પંચરાહી એપાર્ટમેન્ટ, વિભાગ-૧, માધવ મિષ્ઠાનની બાજુમાં, નિર્ણયનગર) એ કોઇ કારણોસર તા.૨૦/૯/૧૫ ના કલાક ૧૨/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં ઘાટ નં.૬ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઇ વજસીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)